**ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU) સેન્ટ્રલ લાઈબ્રેરીની મહત્વાકાંક્ષી પહેલ**

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના સેન્ટ્રલ લાઈબ્રેરીની પહેલ હેઠળ આજે યુનિવર્સિટી ગ્રંથપાલ ડૉ. મહેશ સોલંકી અને સહાયક ગ્રંથપાલ શ્રી ચિંતન વસાવાએ ગાંધીનગર સ્થિત INFLIBNET (Information and Library Network Centre) સેન્ટરની મુલાકાત લીધી.

આ મુલાકાત દરમિયાન INFLIBNETના ડિરેક્ટર પ્રોફ. દેવિકા મડાલ્લી દ્વારા Shodhganga સહિતની વિવિધ સેવાનો પરિચય આપવામાં આવ્યો. INFLIBNETના શ્રી મનોજકુમાર કે. (સાયન્ટિસ્ટ-એફ) દ્વારા યુનિવર્સિટીઓ માટે ઉપલબ્ધ સેવાઓના ઉપયોગ અને લાભ વિશે વિશદ માહિતી પ્રદાન કરવામાં આવી.

શ્રી એચ. જી. હોસામણી (સાયન્ટિસ્ટ-ઈ) દ્વારા GTU સેન્ટ્રલ લાઈબ્રેરીમાં INFLIBNET કોર્નર સ્થાપિત કરવાની ભલામણ કરવામાં આવી, જે GTUના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે સંશોધન તેમજ ઇ-સેવાનો ઉપયોગ સરળ બનાવશે.

GTUનું આ પ્રયાસ માનનીય વાઇસ ચાન્સેલર ડૉ. રાજુલ ગજ્જર અને રજીસ્ટ્રાર ડૉ. કે. એન. ખેરના દિશાનિર્દેશન હેઠળ સંભવ બન્યું છે. INFLIBNET ટીમના માર્ગદર્શન અને સહયોગ માટે વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવે છે.